અપીલ અરજી નં. ૫૬૪ તા.૧૯–૧–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી ભોલાપ્રસાદ પાન્ડેય
સામાવાળાઃ – સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભોલાપ્રસાદ પાન્ડેયની તા. ૦૧–૧૨–૧૧ની અરજીથી આપ સાહેબશ્રીની કચેરીમાં અમોએ તા. ૪–૧૧–૨૦૦૭,તા.૩૦–૫–૧૧, તા.૨–૬–૧૧, તા.૧૦–૬–૧૧, તા.૧૪–૧૦–૧૧, તા.૨૮–૧૧–૧૧ તથા ૨૯–૧૧–૧૧ના અરજીની સર્ટીફાઈડ નકલ આપવા બાબત તથા આ અંગે જે કંઈ કાર્યવાહી થઈ તે અંગે તેમજ આરટીઆઈ ૨૦૦૫ હેડળ નિમ્ન લિખિત જવાબ આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૯–૧–૧૨ ની **SMC/FAP/** નં.૫૬૪/૨૦૧૧–૧૨

શ્રી ભોલાપ્રસાદ પાન્ડેયની તા. ૦૧–૧૨–૧૧ની અરજીથી આપ સાહેબશ્રીની કચેરીમાં અમોએ તા. ૪–૧૧–૨૦૦૭, તા.૩૦–૫–૧૧, તા.૨–૬–૧૧, તા.૧૦–૬–૧૧, તા.૧૪–૧૦–૧૧, તા.૨૮–૧૧–૧૧ તથા ૨૯–૧૧–૧૧ના અરજીની સર્ટીફાઈડ નકલ આપવા બાબત તથા આ અંગે જે કંઈ કાર્યવાહી થઈ તે અંગે તેમજ આરટીઆઈ ૨૦૦૫ હેડળ નિમ્ન લિખિત જવાબ આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૯–૧–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા અરજીમાં નિર્દિષ્ટ અરજીઓ,નકલો તથા થયેલ– નહીં થયેલ કાર્યવાહીની વિગતો નકલ સહ મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૫૯૫ તા.૨૭–૧–૧૨ થી** સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) તથા અરજદારને તા. ૧–૧૨–૧૧ની સુ.મ.ન.પા. અરજીમાં નિર્દિષ્ટ નકલો કચેરીને આપ્યાના આધાર સહ નકલો રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૪–૨–૧૨ થી પૂરક વિગતોમાં જિલ્લા અધિકારી સુરતને તા.૧૬–૧–૧૨ ના રોજ પાઠવેલ પત્રની નકલ, કપુરદાસ કોષ્ટી એ તા.૭–૬–૦૫ ના પત્ર થી આકારણી અધિકારીને આપેલ તા.૩૦–૫–૧૧ ના રોજ સ્વીકારાયેલ પત્રની નકલ, આકારણી અધિકારી લીંબાયતને આપેલ પત્રમાં કરેલ અરજીની નકલ કપુરદાસ કોષ્ટીએ તા.૨૩–૫–૦૫ ના પત્રથી આકારણી અધિકારીને ગણેશનગરના પ્લોટ નંબર, કબ્જેદારનું નામ, ઉપયોગનો પ્રકાર અને સરનામું ૧ થી ૧૨૦ પ્લોટોની યાદીની નકલ, અરજદારને આપેલ માહિતી પત્ર નં.સા.ઈ.ઝોન/મહકમ/૪૧૫૩ તા.૨૦–૨–૧૦ થી અરજીની તા.૧૩–૧–૧૦ ની અરજી બાબતે આપેલ માહિતીનો નોંધ વિભાગ તથા ગણેશનગરના ૧ થી ૧૨૦ પ્લોટોની આકારણીની વિગત, તથા ગ્રામ પંચાયત ડીંયોલીનું ૧૫–૯–૭૫ ના રોજ સર્વે નં. ૨૩/૪ પ્લોટ નં.૨૧૩/૦૩ ના બાંધકામ બાબતેના ઠરાવની નકલ તથા લે આઉટ પ્લાનની નકલ તથા મુળ અરજીની નકલ તથા અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૨૮૪૭ તા.૩૧–૧૨–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા. ૦૧–૧૨–૧૧ ની અરજીથી આપ સાહેબશ્રીની કચેરીમાં અમોએ તા. ૪–૧૧–૨૦૦૭, તા.૩૦–૫–૧૧, તા.૨–૬–૧૧, તા.૧૦–૬–૧૧, તા.૧૪–૧૦–૧૧, તા.૨૮–૧૧–૧૧ તથા ૨૯–૧૧–૧૧ના અરજીની સર્ટીફાઈડ નકલ આપવા બાબત તથા આ અંગે જે કંઈ કાર્યવાહી થઈ તે અંગે તેમજ આરટીઆઈ ૨૦૦૫ હેઠળ નિમ્ન લિખિત જવાબ આપવા બાબત તથા સર્વે નં.૨૧૩/૩, ડીંડોલી, સુરત શહેર વિકાસ ખાતુ , ગણેશનગર, ડીંડોલીમાં આપ સાહેબશ્રીના પ્લાન મુજબ કુલ કેટલા પ્લોટો પાડવામાં આવેલ છે. જે પ્લાને આધારે પ્લોટીંગ પાડવામાં આવેલ છે. આ પ્લાનની નકલ અને સદર જગ્યાના માલિક અને પાવરદારના નામ–સરનામા સહિત પ્લાની નકલ આપવા વિનંતી છે. સદર પ્લાન પાસ થયા પછી આ નગરની જમીન કપાતમાં આવેલ છે કે કેમ? જો જમીન કપાતમાં આવેલ હોય તો કયા કયા નંબરોના પ્લોટો કપાત કરવામાં આવેલ છે અને હાલમાં આ નગરમાં મહાનગરપાલિકાને

આધારે કેટલા પ્લોટ ગણતરીમાં આવે છે તે બધાની સ્પષ્ટ વિગત આપવા આપ સાહેબશ્રીને વિનંતી છે. તેમજ આ વિસ્તારમાં આવેલ હાઈ ટેન્શન પાવરની નીચેની જગ્યામાં પ્લોટીંગ પાડવામાં આવેલ છે કે કેમ? જો પ્લોટીંગ પાડવામાં આવેલ છે તો કેટલી સાઈઝના કેટલા પ્લોટો છે. તેની સ્પષ્ટ જાણકારી આપવા વિનંતી. જે માટે આપ સાહેબશ્રીને યોગ્ય લાગે તે ઘટતી કાર્યવાહી કરવા અમારી નમ્ર વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૮૪૭ તા.૩૧–૧૨–૧૧ થી સર્વે નં.૨૧૩/૩, ડીંડોલી ગણેશનગરમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા કે અન્ય કોઈ કોમ્પીટન્ટ ઓથોરીટી ધ્વારા મંજુર કરવામાં આવેલ પ્લાન લીંબાયતઝોનના રેકર્ડ પર ઉપલબ્ધ નથી. જેથી નકલ આપી શકાય તેમ નથી. સદર જગ્યાનો સમાવેશ ડ્રા.ટી.પી. સ્કીમ નં.૪૧ (ડીંડોલી) માં થાય છે જે મુજબ ફાયનલ પ્લોટ ફાળવવામાં આવેલ હોય તે મુજબની કપાત થયેલ છે. સબ પ્લોટો અંગે કોઈ માહિતીના રેકર્ડ ન હોઈ માહિતી મળી શકે તેમ નથી. હાઈટેન્શન પાવર નીચેની જગ્યામાં કરવામાં આવેલ પ્લોટીંગ અંગેની માહિતીનો કોઈ રેકર્ડ અત્રે ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે તા.૧૯–૧–૧૨ ના રોજ મુળ અરજીની વિગત જણાવી અપીલ અરજી કરેલ છે. જે અંગે અત્રેથી અરજદારને તા.૧–૧૨–૧૧ ની સુમનપાની અરજીમાં નિર્દિષ્ટ નકલો કચેરીના આપ્યાના આધારસહ રજૂ કરવા જણાવવામાં આવેલ. જેમાં અરજદારે તા.૪–૨–૧૧ ના પત્રસાથે તેઓએ તા.૧૬–૧–૧૨ ના રોજ જિલ્લા ધિકારી સાહેબ સુરત શહેરને સંબોધતી એક નકલ આપતિ અધિકારી સુરત મહાનગરપાલિકાને રવાના કર્યાની નકલ રજૂ કરેલ છે. જેમાં અરજદારને મુળ અરજીમાં જણાવેલ તારીખો ૪–૧૧–૦૭ , ૩૦–૫–૧૧, ૨–૬–૧૧, , ૧૦–૬–૧૧ અને તા.૧૪–૧૦–૧૧ તારીખોનો ઉલ્લેખ છે. જેમાં ગણેશનગરના પ્લોટ બાબતેની રજૂઆત કરેલ છે. તથા તેની સાથે કપુરદાસ કોષ્ટીએ ગણેશનગર વિકાસ સમિતનિા લેટર પેડ ઉપર તા.૭–૬–૦૫ ના રોજ લખેલ પત્રની નકલ જે લીંબાયતઝોને તા.૩૦–૫–૧૧ ના રોજ સ્વીકાર્યા અંગેના પત્રની નકલ રજૂ કરેલ છે. આ સિવાય અરજદારે અન્ય અરજીઓ કે અરજીઓ આપ્યા અંગેના કોઈ આધાર રજૂ કરેલ નથી તથા માહિતીની નારાજગી અંગે પણ કોઈ વિગતો રજૂ કરેલ નથી. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને દફતરી માહિતી પૂરી પડાયેલ હોઈ આરટીઆઈ કાયદાની કલમ–૨(એફ) અને ૨(જે) ની જોગવાઈ ધ્યાને લેતાં અપીલ અરજી અંગે કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી નથી. તેમ છતાં અરજદારના પ્લોટો બાબતે તકરારી બાબત અંગેસક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવાની રહે.

અરજદારની પ્રથમ અપીલ તા.૧૯–૧–૧૨ ધ્યાને લેતાં ૧૭–૨–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૦૩–૦૩–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. અને ફેબ્રુ. ૨૦૧૨ દરમ્યાન ૧૧૪ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૧૩ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૦૧–૧૨–૧૧ ની અરજી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં અરજદારના પ્લોટો બાબતે તકરારી બાબત અંગે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવાની રહે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૨

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને તત્કાલીનજાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), ...જાણ તથા અમલ માટે.
(૨) શ્રી ભોલા પ્રસાદ પાન્ડેય